# Gujarati Poetry

================

## શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

================

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

### કારણ વગર

---

તમને રડવું આવે છે,
અમને હસવું આવે છે;
તમને પણ કારણ વગર
અમને પણ કારણ વગર.

તમારી આંખોમાં આંસુ
આવે કોઈ પણ કારણ વગર;
અમારી આંખોમાં આંસુ
આવે કોઈ પણ કારણ વગર.

લક્ષણ આ સાચા પ્રેમનું,
વિષનો પ્યાલો પીતી મીરાનું;

લક્ષણ આ સાચા પ્રેમનું,
થૈ થૈ નાચતી બાઈ મીરાનું.

---

હાલનો સૂરજ

---

પ્રથમ સૂરજ ઠંડો હતો.
એક દિવસ નભથી એવો પડ્યો
બૂરજની ટોચ પર,
કે બની ગયો પલીતો તોપનો.
તોપનો ગોળો પછી એવો
વછૂટ્યો
કે નભ ઉપર સૂરજ બની
ચોંટી પડ્યો.

હવે સમજાય છે?
દિવસભર આ બાળે છે કોણ? બૂરજની તોપનો ગોળો.
હા, એ બની બેઠેલો સૂરજ;

---

જળ, વાદળ, જળ

---

દરિયે ભળ્યું
નદીનું જળ;
એ જળ ગયું
આભના ગાભમાં;
બની વાદળ
ફરી પાછું
નદીમાં ભળી
ચાલી નીકળે
દરિયા તરફ
બનવા વાદળ.

સમજ પડે ના

સમસ્યા જટિલ આ.
જન્મ, મૃત્યુ,
વળી જન્મ,
જેવી જટિલ
આ સમસ્યા.

ચાલવા દો ત્યારે
ચાલી આવતી
આ નિશ્ચલતાને.

આપણે તો બસ હવેથી
જળ સાથે રાખવો
સંબંધ સરળ.

---

## પ્રભુને પ્રાર્થના

---

હે પરમાતમ આતમ
હે પરમાતમ આતમ
દુ:ખો મારાં દૂર કરો તમ
હે પરમાતમ આતમ!

પાપો મારી રગ રગમાં છે;
તો યે ચાલું ધમ ધમ;
આ કેવું તેં ભાવિ ઘડ્યું છે
ઊભો રહું અડીખમ.
નથી થાતું આ સહન હવે
બદલી દે  આ ગમ;
પૂણ્ય ભરી દે રગ રગમાં
ભલે પડું હું ધડમ.
પાપો મારાં દૂર કરો તમ
હે પરમાતમ આતમ!

દુ:ખનો દરિયો ઘૂઘવે છે
એનો નથી કંઈ ગમ;
પાપો હળવાં થઈ જશે તો
એ પણ થાશે કમ.
પાપો મારાં દૂર કરો તમ
હે પરમાતમ આતમ!

જાણું છું બહુ કામ છે તારે
નથી કંઈ હું એકમ;
તો દઈ દે એવી શક્તિ મુજને
પાપો થઈ જાયે મુક્તમ.
હે પરમાતમ આતમ
હે પરમાતમ આતમ!

---

**If you have any comments and observations or above writings,I heartily welcome you to addre at the following email id:**

**pravinchandra@langoo.com**

**Shah Pravinchandra Kasturchand**